સલામી સવારની..

કિંમતી કાગળ થયો કચરો, રાતોરાત!
નોટોનો જથ્થો થઈ ગયો ખોટો રાતોરાત!
રડે કોઠીમાં મોં ઘાલીને ‘માતા’ રાતોરાત!
ધનવાન થઈ ગયા ગરીબ, રાતોરાત!

હાઈકુ

વિના સાબૂએ,
ધોવાઈ ગયો ડાઘ -
કાળાં નાણાંનો...

કરે છે સ્મિત!
દાઝેલાં દિલે પણ -
સમસમીને...

ચિંતન

બ્યાપિ રહેઉ સંસાર મહું માયા કટક પ્રચંડ
સેનાપતિ કામદિ ભટ દંભ કપટ પાષડ ॥

ઉપરોક્ત દોહો, ઉત્તરકાંડ રામાયણમાંથી લેવામાં આવેલ છે.

સંસારભરની માયાની સેના વ્યાપક છે અને તેના કામ, ક્રોધ તથા લોભ સેનાપતિ છે અને દંભ, કપટ અને પાખંડ તેના યોદ્ધા છે.

આ સંસારમાં ઈશ્વરની માયા રૂપી સેના-પોલીસ વ્યાપ છે. કામ-ક્રોધ-લોભ-મોહ એ સેનાના સેનાપતિ છે. સંસારી વ્યક્તિમાં થોડું પણ અજ્ઞાન-દંભ-અભિમાન-ઝૂઠ આવે તો આ સેનાપતિઓ તરત એને પછાડી દે છે અને આવી વ્યક્તિના પતનમાં સહાયભૂત થવા માટે દંભ-કપટ-લુચ્ચાઈ જેવા સૈનિકોની સહાય મળી રહે છે.

માયાની સેનાથી જાગૃત રહી - સાવચેતી રહી તેના ફંદાથી બચતાં રહેતાં શીખવું જોઈએ.

સુવિચાર

- આત્માના અલંકાર તો સંતોષ અને સાદાઈ છે - **ફુલછાબ**
- ખરાબ આદતો જો સમયે ન બદલાય તો એ આદતો તમારો સમય બદલી નાખે છે - **વજુ કોટક**
- આપણે આપણી જીવનરૂપી અયોધ્યામાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરીએ - **રમેશ ઓઝા**
- સર્જનમાં મોહ નહીં અને પાલનમાં અહંકાર નહીં એ જ રીતે જીવન જીવીએ - **જનકલ્યાણ**
- નામ અને દામની કામનાથી કરેલું કર્મ યજ્ઞ બનતું નથી, પરંતુ એ મજૂરી બની જાય છે - **ફૂલછાબ**
- હઠ અને હઠાગ્રહ મોટાભાગના ધાર્મિક વિવાદોનું મૂળ છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સંકટ સમયે જેના પગ અક્કલ કરતાં વધુ ઝડપથી દોડે તે ડરપોક - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : મૂળાના પાનનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી કાનનો દુખાવો મટે છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

સ્વચ્છતા બાહ્ય સફાઈમાં નથી, હૃદય-મન-નિષ્ઠા-કર્તવ્ય પવિત્ર હોવાં જોઈએ.

એક પહોંચેલા સંત વેપારીની દુકાને ગયા - વેપારી આદર-સત્કાર કર્યો - પૂછ્યું આપ શું લેશો? સંતે ખેસથી નાક દબાવ્યું કહ્યું ત્યારે ત્યાં બદલો-દુર્ગંધ આવે છે બેસી શકાતું નથી - હું તો જાઉં છું...

સામેની લાઈનમાં એક ખાટકીની દુકાન હતી. માંસ-લટકતાં હતા. સંત ત્યાં ગયાં -ખાટકીએ ખૂરશી આપી - બેસાડ્યા પૂછ્યું મહારાજ શું લેશો? સંતે પ્રફુલ્લિત થઈ કહ્યું, દૂધ.

સંતે દૂધ પીધુંને વિદાય થયા.

દૂર બેઠો વેપારી આ બધું જોતો હતો - તે દોડતો સંત પાછળ દોડ્યો - ઊભા રાખી પૂછ્યું - બાબા! હું તો કરિયાણાનો વેપારી છું અને પોલો તો માંસ-મચ્છી વેંચે છે. આમ છતાં આપને મારી દુકાન બદબૂ આવીને એ ખાટકીની ગંધાતી દુકાને આપને બદબૂ કેમ ન આવી? કૃપા કરી આ રહસ્ય મને સમજાવો.

સંત કહે તારે ત્યાં બેઠો કે તરત જ મને તારી અપ્રમાણિકતા - લુચ્ચાઈ અને કપટની બદબૂ આવી - જયારે ખાટકી પ્રમાણિકતાથી નિષ્ઠાપૂર્વક વેપાર કરતો હશે તેથી મને ત્યાં સત્સંગની સુવાસ આવી - ‘સ્વચ્છતા’ બાહ્ય આચારમાં નથી મન-હૃદય-વિચાર પવિત્ર હોય એ જરુરી છે.

આકાર લઈ રહેલાં નવાં વૈશ્વિક સમીકરણો

વડાપ્રધાનની જાપાનયાત્રાથી પાડોશી દેશ ચીનના પેટમાં તેલ રેડાયું છે. ચીન ભારતને એક કાયમી શક્તિશાળી પ્રતિસ્પર્ધી તરીકે જોતું રહ્યું છે. ભારત સાથે વ્યાપારી સંબંધો વધારી તે પાડોશી મહાસત્તા તરીકેના પોતાના લક્ષ્યને પાર પાડવા માગે છે. તેથી ભારત સાથે શક્ય હોય ત્યાં સુધી સંઘર્ષ ટાળવાની નીતિ સાથે ચીનની વર્તમાન નેતાગીરીએ એક એક ડગલું ફૂંકી ફૂંકીને ભરતી રહી છે. ચીનના સર્વોચ્ચ નેતાએ ભારત આવવાનું જ નહીં બલકે મોદીના હોમ સ્ટેટ અમદાવાદના રિવર ફ્રંટ પર ડિનર લઈ આ શુભચેષ્ટાનો સંકેત આપ્યો ત્યાર પછી બધા એમ જ માનવા લાગ્યા હતા કે ચીન હવે ડાહ્યું ડમરું થઈ ગયું છે. ભારત સાથે તનાવપૂર્ણ સંબંધો રાખવાથી એની મહાસત્તા તરીકે સ્થાપિત થવાની દોડમાં વિઘ્ન આવી શકે છે. તે એશિયાના જમાદાર તરીકે ઊપસી આવવા માગતું હોઈ આવી કોઈ પણ નકારાત્મક પરિસ્થિતિ ટાળવા માગે છે. ચીને છેલ્લા દાયકાઓ દરમિયાન આર્થિકક્ષેત્રે જે હરણફાળ ભરી છે, તે કાબિલેદાદ છે. અમેરિકા અને રશિયા જેવી એક સમયની પરસ્પર વિરોધી મહાસત્તાઓ ચીનનો આ વિકાસ જોઈ અક્ષરશઃ ડઘાઈ ગઈ છે. તેથી એશિયામાં સમાંતર આર્થિક મહાસત્તા તરીકે ઊભરવા મથતા ભારત પ્રત્યે બેઉ કૂણી નજર રાખવા મંડી છે. નરેન્દ્ર મોદીએ એમના અઢી વર્ષના કાર્યકાળમાં આખી દુનિયા ધમરોળી નાખી છે અને જ્યાં જ્યાં પણ ગયાં છે ત્યાં પોતાની વાણીની જાદુઈ અસર ઉપરાંત ભારતની આર્થિક મહાસત્તા તરીકેની દોડની પ્રતીતિ કરાવી છે. આતંકવાદથી ત્રસ્ત ભારતે દુનિયામાં પાકિસ્તાનને એકલું અટૂલું પાડી દેવાનો પ્રયાસ કર્યો છે એમાં પણ એને નોંધપાત્ર સફળતા હાંસલ થઈ છે. વળી વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિવિધ દેશોના સંગઠનોમાં પણ કેન્દ્રીય ભૂમિકા ભજવતા રહ્યા છે. બ્રેકઝીટ અને બ્રિક્સ જેવા દાખલા સર્વવિદિત છે. આસિયાન રાષ્ટ્રોમાં અને સાર્ક રાષ્ટ્રોમાં પણ ભારતનું વજૂદ વધ્યું છે. ચીન ભારતના આ વધતા પ્રભાવથી સ્વાભાવિક રીતે જ મૂંઝાયેલું છે. છેલ્લે ચીને પાક તરફી વલણ અપનાવતાં ભારતમાં ચીની માલના બહિષ્કારનાં પાટિયાં લાગવા માંડ્યા હતા. તાજેતરમાં મોદીએ જાપાન સાથે અણુસંધિ કરીને ચીનને આડકતરી ચીમકી આપી છે. ચીનની ઈચ્છા વિરુદ્ધ અરુણાચલમાં વિસ્થાપિત બૌદ્ધ ધર્માચાર્ય દલાઈ લામાને પ્રવાસ કરવાની છૂટ આપી ભારતે પોતાની સાર્વભૌમ સત્તાનો પરચો બતાવ્યો છે. પાકિસ્તાનને પાંખમાં ઘાલીને ચીન યુનોમાં ભારતનો વિરોધ કરતું રહે છે તે કોઈથી છાનું નથી. પરંતુ હવે સમીકરણો બદલાઈ રહ્યાં છે.

તંત્રીસ્થાનેથી...

રશિયાના પુતિન અને અમેરિકાના નવનિર્વાચિત પ્રમુખ ટ્રમ્પ વચ્ચેનું વૈચારિક સામ્ય વિશ્વમાં ચીનની સામેની પડકારરૂપ ધરી બની શકે એમ છે. ભારત પ્રત્યે પુતિન અને ટ્રમ્પ બેઉને સદ્‌ભાવ છે. પાકિસ્તાન અને ચીનની દોસ્તી બેઉને કઠે છે. જાપાને ભારત સાથે પરમાણું કરાર કર્યા પછી ચીન વધુ છંછેડાયું છે. ભૂતકાળમાં ક્યારેક ટચૂકડા જાપાને ચીનને યુદ્ધમાં હરાવ્યું હતું. અત્યારે દક્ષિણ સમુદ્રમાં ચીનની સર્વોપરિતા સામે જાપાન પડકાર ઊભો કરી રહ્યું છે. ઉત્તર કોરિયાના માથાફરેલ સરમુખત્યાર સામે જાપાનને અમેરિકાનું રક્ષણ સાંપડેલું છે. ચીન નવાં સત્તા સમીકરણોમાં એકલું અટૂલું પડી જાય એવી સ્થિતિ સરજાશે તો ફરી એક વાર નવા સ્વરુપે શીતયુદ્ધનાં મંડાણ થશે, જેમાં ભારત અને અમેરિકા ઉપરાંત કદાચ રશિયા અને જાપાન પર જોડાઈ શકે એમ છે. આ નવા રાજકીય સમીકરણોમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકા વિશેષ મહત્ત્વપૂર્ણ બની રહેવાની છે. બિનજોડાણવાદી નીતિને કચરાપેટીમાં પધરાવી ભારત સત્તાની દોડમાં ચીનના પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી આવે એમાં બાકીની દુનિયાને પણ રસ છે.

અભિવ્યક્તિના અધિકાર નીચે દેશની સલામતીને નુકશાન ના કરી શકાય

તાજેતરમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર તરીકે ઉપયોગ કરી દેશની ચોથી જાગીર ગણાતા મીડયાની ન્યૂઝ ચેનલ દ્વારા દેશની સલામતીને ખતરો ઉભો થાય દેશની આમ જનતાની સલામતી જોખમાય તે રહે. આંતકવાદી સામે લડતી ભારતીય સેનાનું કવરેજ એનડી ટીવી ઈન્ડીયાએ કરતા બ્રોડકાસ્ટીંગ વિભાગે ૨૪ કલાક માટે ન્યૂઝ ચેનલનું પ્રસારણ અટકાવવાનો નિર્ણય કરતા મીડીયા તથા ઈલેક્ટ્રોનીક ચેનલોમાં અભિવ્યક્તિની સ્વંતત્રતાના નામે દેશની ચોથી જાગીર ગણાતા આધાર સ્તંભ ઉપર ગળુ દબાવવાના હિચકારા પ્રયત્ન રૂપ ગણ્યો છે દરેક ચેનલોએ આ પ્રતિબંધનો ભારે વિરોધ કરતા આખરે કેન્દ્ર સરકારે મીડીયા સામે ઝુકી આવો પ્રતિબંધ પરત ખેંચી માત્ર ચેતવણી આપી આખુ ભીનું સંકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

કેબલ નેટવર્ક અને રેગ્યુલેશન એકટની કલમ ૬(૧)(પી) મુજબ પ્રતિબંધ

ખરેખર તો વ્યક્તિ સ્વતંત્રતાની તથા અભિવ્યક્તિની એક મર્યાદા હોવી જોઈએ એક લક્ષ્મણરેખા હોવી જોઈએ અગાઉ પણ કારગીલ યુધ્ધ સમયે યુધ્ધ સ્થળનું સીધુ પ્રસારણ કરી દુશ્મન દેશના સૈન્યને ભારતીય જવાનોનું લોકેશન મળી જતા ભારે તોપમારો કરતા ભારતના સૈન્યની ભારે ખુવારી થયેલ બ્રેકીંગ ન્યૂઝ તથા ચેનલની ટીઆરપી માટે દેશની સલામતી, જાનમાલની નુકશાની તથા મહામુલા સૈનિકનું બલીદાન આપવું કેટલું યોગ્ય છે. વ્યક્તી સ્વતંત્રતા અને અભિવ્યક્તિની વચ્ચેની પાતળી ભેદ રેખા છે જે આચાર સહિતાની લક્ષ્મણરેખાથી બાંધી દેવામાં આવી છે.

ન્યૂઝ ચેનલના આ કાયદેસરના પ્રતિબંધને વિપક્ષો દ્વારા દેશમાં કટોકટી જેવા સંજોગો ઉભા થયા છે તેમ જણાવી મીડીયાને સમર્થન આપવું અગાઉ પણ આજ ચેનલે તાજ હોટલ ઉપર થયેલા આંતકી હુમલાનું સીધુ પ્રસારણ એ હદે કરેલ કે પાકિસ્તાનમાં બેઠેલા આઈએસઆઈના એજન્ટો આંતવાદીને રજેરજની માહિતી આપી આગળની રણનીતિથી વાકેફ કરતા મોટી જાનહાની થવા પામેલ અને સૈન્ય કયા પગલા ભરશે કયા લોકેશનથી ફાયરીંગ કરે છે તેની જાણ આંતકવાદીઓને થતા લોકેશન બદલી બદલી નિર્દોષ વ્યક્તિ ઉપર ગોળીબાર કરતા ભારે જાન હાની થવા પામેલ અને હુમલો જે એક રાતમાં પુરો થઈ જાત તે ત્રણ દિવસ સુધી લાંબો ચાલેલ. ત્યારબાદ તાત્કાલીન મનમોહન સરકારે કેન્દ્રમાં કાયદો બનાવી આંતકવાદી હુમલાનું સીધુ પ્રસારણ કરવા પર પ્રતિબંધ ફરમાવતો પરિપત્ર જારી કરી સમગ્ર મીડીયા તથા ન્યૂઝ ચેનલને આવી તાકિદ કરી કડકથી અમલ કરવા જણાવેલ તેમ છતાં આવા કાયદાને ન્યૂઝ ચેનલો ઘોળીને પી ગઈ છે અને ચોથી જાગીર સમજતા મીડીયાએ વિવાદાસ્પદ એનડી ટીવી પ્રસારણમાં રીપોર્ટરે સ્ટુડીયોને માહિતી આપેલ કે ‘‘આંતકી શસ્ત્ર ભંડારથી માત્ર ૧૦૦ મીટર દૂર છે ત્યાંથી દક્ષીણમાં મીસાઈલ્સ અને રોકેટ રખાયા છે વાયુ સેનાનું વિમાન કવર ફાયરીંગ માટે ઉઠાણ ભરી રહ્યું છે અને છુપાયેલ આંતકવાદીઓને ઠાર કરી શકે છે. ત્રણે બાજુએથી એનએસજી કમાન્ડોએ આંતકીઓને ઘેરી લીધા છે દક્ષીણ તરફનો વિસ્તાર જંગલ વિસ્તાર હોય ત્યાં કોઈ જ ઘેરાબંધી નથી.’’ આ માહિતી આંતકવાદીને કેટલી મદદરૂપ નિવડી હશે તે સમજી શકાય તેમ છે ભાગવા માટે જંગલ વિસ્તાર આંતકવાદીને બતાવવો કેટલું ઉચિત રીપોર્ટીંગ હતું. આનંતકવાદીઓ ત્યારે ગોળીબાર કરી ૧૮ જવાનોને મોતને ઘાટ ઉતારી શસ્ત્ર સરંજામના ગોડાઉનમાં આગ લગાડી ભાગી છુટવામાં સફળ રહ્યા જે એનડી ટીવીના પ્રસારણને આભારી હતું. દોષનો ટોપલો એનડી ટીવી ઉપર આવે તે સ્વાભાવિક છે દેશની જનતાની લાગણી દુભાઈ, નાગરિકો અને લશ્કરના સખ્ત વિરોધ પછી કેન્દ્ર સરકારે એક તપાસ સમીતી નિમી અને તેમાં આ માહિતી આંતકવાદીઓને મદદ કરતા હોવાનું સર્વાનુમતે સાબીત થતા કેબલ નેટવર્ક અને રેગ્યુલેશન એકટની કલમ ૬(૧)(પી) ની જોગવાઈઓનો સ્પષ્ટ ભંગ થવાના કારણે એનડી ટીવી ઉપર એક દિવસન પ્રસારણનો પ્રતિબંધ મુકવાનો નિર્ણય કરેલ ઈન્ટર મીનીસ્ટ્રીયલ કમીટી જેમાં ગૃહ સંરક્ષણ,

અનુસંધાન પાના નં. ૭ પર

કતાર લાગશે હવે ચલણ બદલવા માટે, અહીં કોઈ નથી તૈયાર વલણ બદલવા માટે!

છેલ્લા કેટલાક દિવસોથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટના પ્રતિબંધ વિષે સોશિયલ મીડિયા પર જે વિવિધતાસભર અને મશ્કરી જેવા હાસ્યાસ્પદ મેસેજીસ્ ફરી રહ્યા છે તે નાના-મોટા તમામને માટે એક ચર્ચાનો વિષય બની રહ્યા છે. એક-એકથી ચડિયાતા મેસેજીસ્ વાંચીને કોઈ પણ વ્યક્તિ હસ્યા વિના રહી જ ન શકે એવો માહોલ જામ્યો છે. ક્યાંક જો કે એકાદ-બે સંવેદનશીલ લાગે તેવા મેસેજીસ્ પણ મળ્યા છે. પણ નાના-મોટા, ભણેલા-અભણ કે સારા-ખોટાં તમામેતમામનું એક માત્ર મિશન આ નોટોને એક્સચેન્જ કરાવવાનું છે. બધા પોતપોતાના રોજિંદા કાર્યો કરે જ છે. તેમ છતાં મનમાં તો હિસાબ-કિતાબ જ ચાલતો હોય છે. આ નિર્ણય સારો કે ખોટો છે. એ ચર્ચામાં નથી ઉતરવું પણ અહીં વાત છે એકત્રિત થવાની. આવા સમયમાં આપણે ભારતીય કેવા એકજૂથ થઈને કામમાં પરોવાઈ જઈએ છીએ ! ક્યાંક કોઈ નાની એવી વાતમાં ઝઘડી પણ પડીએ છીએ પણ એકંદરે આપણે આ સિસ્ટમને ફોલો કરવાની વિનમ્રતા દાખવીએ જ છીએ. સૌથી વધુ હાસ્યાસ્પદ લાગે તેવો હાઉઝવાઈફ અને મમ્મીઓના ખાનગી પૈસાનો મેસેજ છે. પણ આપણે સૌ જાણીએ જ છીએ કે ઘરના દરેક સભ્યને પત્ની કે મમ્મી પર વિશ્વાસ હોય જ છે કે કટોકટીના સમયમાં વાપરવા માટેનો સંગ્રહ તે કરતી જ હશે. અને જરૂર પડ્યે તે ચૂપચાપ એ આપી પણ દે છે અને આપણે હક્કથી માંગી પણ શકીએ છીએ. એ પોતાના ખર્ચમાં કાપ-કૂપ કરીને આ પૈસા બચાવતી હોય ત્યારે તેને ‘બ્લેક મની’ જેવું નામ આપવું એ તો સદંતર અન્યાય જ ગણાય.

સોશિયલ મીડિયાના મેસેજીસને કારણે અન્ય એક સમસ્યા એ છે કે લોકો પૂરેપૂરી વાત સમજ્યા વિના જ ગાડરિયા પ્રવાહી જેમ બેંકોમાં અને લાઈનમાં વિવાદ સર્જ્યા કરીએ છીએ. દરેકને પોતાની જ વાત સાચી લાગે તે સ્વાભાવિક છે પણ પહેલાં પૂરેપૂરી વિગત જાણી, સમજી અને ત્યારબાદ જ તેના અનુસાર વર્તન કરીએ એ સભ્ય, સુશિક્ષિત, જાગૃત નાગરિક તરીકે

આપણા સૌની સહિયારી ફરજ ગણાય. આજ સુધી આપણે પૈસાવાળી વ્યક્તિઓથી અંજાઈ જતા અને ‘નાણા વગરનો નાથિયો અને નાણે નાથાલાલ’ની થિયરી મુજબ જ વર્તતા આવ્યા છીએ. હવે રાતોરાત જેની પાસે પૈસા હોય તેને શંકાસ્પદ રીતે જોવાનો દષ્ટિકોણ સદંતર ખોટો જ ગણાય. ભ્રષ્ટાચાર કે બ્લેક મની એ ચોક્કસ દેશ માટે ચિંતાનો વિષય છે માટે જે કંઈ પણ બની રહ્યું છે તેમાં પોતાનાથી શક્ય બને તેટલો સહયોગ કરવા પ્રયત્ન કરીએ એ આપણા સૌના પોતાના જ હિતમાં છે. ત્રણ-ચાર મહિનાની અંદર જ પરિસ્થિતિ અને સંજોગો આપણને સમજાઈ પણ જશે અને આપણા કાબૂમાં પણ આવી જશે. માટે અત્યારે લાઈનમાં ઊભેલા આપણા સાથીમિત્રો કે સિનિયર સિટીઝન્સ્ કે બેંકના કર્મચારીઓ સાથે વિનમ્રતાપૂર્વક વર્તીએ એ જ આપણી એક સભ્ય નાગરિક તરીકેની ફરજ બને.

કતાર લાગશે હવે
ચલણ બદલવા માટે,
અહીં કોઈ નથી તૈયાર
વલણ બદલવા માટે !

પૈસો એ જીવનની સૌથી વધુ અગત્યની બાબતોમાંની એક છે એ તો આપણે સૌએ સ્વીકારવું જ પડે. માટે લાઈનમાં ઊભા રહીને કે જમા કરાવીને આપણે નવી ચલણો નોટો ભેગી કરવાના કામમાં જોતરાઈ જવું પડે એ હકીકત છે પણ સરકારશ્રીએ આપેલ પર્યાપ્ત સમયને ધ્યાનમાં રાખીને આડેધડ પૈસાનો દુર્વ્યય કર્યા વિના નિયમ અનુસાર બેંકમાં જમા કરાવવું એ જ અત્યારે સૌથી વધુ અગત્યની વાત ગણાય. આ ચલણી નાણું એ આપણાં પરસેવાની સાચી કમાણી છે માટે લક્ષ્મીજી તમારાથી ક્યાંય દૂર નથી જવાના એ સમજીને ધીરજથી કામ લઈએ તો ધીરે-ધીરે આખી સિસ્ટમ વ્યવસ્થિત રીતે કાર્યરત થઈ જ જશે. આપણે સૌ કાળાં નાણાંની હેરફેર અને ભ્રષ્ટાચાર રોકવાના આ પગલાંને જો સાથે મળીને ટેકો આપીશું તો તેનું સુંદર પરિણામ પણ ચોક્કસપણે અનુભવી શકીશું અત્યારે આપણને સૌને થોડી તકલીફનો સામનો કરવો પડશે. પણ દેશના ભવિષ્ય માટે લેવાયેલા આટલા મોટા પગલાને સૌ ભારતીયોએ સાથે મળીને જ સપોર્ટ કરવો પડશે. દેશની સરહદ પર આપણા સૌની રક્ષા કરતા ફૌજી ભાઈઓ જો બંદૂકો લઈ લઈને સીમા પર આખો આખો દિવસ ઊભા રહી શકતા હોય તો આપણે પૈસા માટેની લાઈનમાં ઊભા રહીએ તેમાં શું આટલો હોબાળો ? આપણે તો જાણીએ જ છીએ કે ચલણી નોટોના બદલામાં અન્ય ચલણી નોટો જ આપણને મળવાની છે જયારે ફૌજી બંધુઓ તો દેશ માટે ગોળી ખાવા પણ સરહદ પર તૈયાર ઊભા રહેતા હોય છે.

તો આવો, સૌ સાથે મળીને દેશમાં થઈ રહેલા ફેરફારોને સકારાત્મક અભિગમ સાથે સ્વીકારીએ, થોડી સહનશીલતા, થોડી ધીરજ અને સહિષ્ણુતાથી વર્તીએ કે જેથી કોઈ પ્રકારનો કલેશ ઊભો ન થાય. બેંકના કર્મચારીઓ પણ આપણા જેવા જ સામાન્ય નાગરિકો છે માટે તેમને પણ પૂરેપૂરો સહયોગ કરવાના પ્રયાસ કરીએ. આ દેશ એ આપણા સૌનું ગૌરવ છે માટે દેશના સન્માનને અકબંધ રાખીને જાગૃત નાગરિક તરીકે પોતાની ફરજને સમજીને સભ્ય રીતે વર્તીશું તો ચોક્કસપણે ભારતના ઉજળા ભવિષ્યને સાથે મળી નિહાળી શકીશું.

- nehalgadhavi101@gmail.com

બટુક રાજય ગોવામાં કૌરવ-પાંડવનો સંઘર્ષ

ભારતના બટુક રાજ્ય ગોવામાં આવતા વર્ષની શરૂઆતમાં જ ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ અને મણિપુરની સાથે જ વિધાનસભાની ચૂંટણી આવી રહી છે, પરંતુ ૪૦૦ વર્ષ કરતાં વધુ સમયગાળા માટે પોર્ટુગલ શાસન હેઠળ રહેલા ગોવામાં અત્યારથી જ ચૂંટણીનો ધમધમાટ છે. રાજધાની પણજીમાં શાસન ભારતીય જનતા પક્ષ અને મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીનું હોવા છતાં આવતી ચૂંટણી પછી કોણ સત્તામાં આવશે, એના તર્કવિતર્ક અત્યારથી આરંભાઈ ચૂક્યા છે. ભાજપના ગઢમાં અહીં ના પૂરાય એવું ગાબડું પડ્યું છેઃ અહીંના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે ભાજપની માતૃસંસ્થાએ જ બળવો કરીને ભાજપને કૌરવ અને પોતાના થકી રચાયેલા નવા પક્ષ ‘ગોવા સુરક્ષા મંચ’ને પાંડવ જાહેર કરીને આવતી ચૂંટણીમાં ‘જુઠ્ઠાડાં વચનો આપનારા’ ભાજપને પરાજિત કરીને અસલી ભાજપ તરીકે પોતાને પ્રસ્થાપિત કરવાનો સંકલ્પ કરી લીધો છે. સંઘના મુખ્યાલય નાગપુરે ખૂબ ઉધામા માર્યા છતાં સંઘના ગોવા એકમના વડા સુભાષ વેલિંગકરે ઘીના ઠામમાં ઘી પડ્યું રાખવાનું સમાધાન કરવાને બદલે પોતાના સમગ્ર સંઘ સંગઠનને અલગ કરીને અલગ પક્ષ રચવાનું પસંદ કર્યું છે. એટલું જ નહીં. મહારાષ્ટ્રમાં અને કેન્દ્રમાં ભાજપ સાથે મળીને સત્તાનો ભોગવટો કરનાર શિવસેના સાથે મળીને ગોવામાં વિધાનસભા ચૂંટણી લડીને પણજી પર રાજ કરવાની ઘોષણા કરી છે. શિવસેનાપ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ગોવા સુરક્ષામંચ સાથેના જોડાણને માન્ય રાખ્યું છે અને કોણ કેટલી તેમજ કઈ બેઠકો લડશે, એની ચર્ચા પણ આરંભાઈ ચૂકી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ગોવામાં ભાજપનું શાસન ટકાવવું એ ભાવનાત્મક મુદ્દો છે કારણ વંકાયેલા લાલકૃષ્ણ અડવાણી સહિતના કેટલા વરિષ્ઠ નેતાઓના વિરોધ વચ્ચે પણ મોદી ગોવામાં વડા પ્રધાનપદના ઉમેદવાર જાહેર થયા હતા. એ વેળાના ગોવાના ભાજપી મુખ્યપ્રધાન મનોહર પર્રીકરને એમણે સંરક્ષણ પ્રધાનનો સરપાવ આપ્યો અને ગોવાની ગાદીએ લક્ષ્મીકાંત પાર્સેકરને ગોઠવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૨ની છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ-મગોપાના જોડાણે કુલ ૪૦ વિધાનસભા બેઠકોમાં ૨૪ મેળવી હતી. ડિસેમ્બર ૧૯૬૧માં તત્કાલીન વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના આદેશથી ભારતીય લશ્કરે પોર્ટુગલશાસિત ગોવાને ‘ઓપરેશન વિજય’ થકી ભારત સાથે જોડવામાં સફળતા મેળવી હતી. આજકાલ નેહરુને ભાંડવાની ફેશનમાં સંરક્ષણ પ્રધાન પર્રીકર નિવેદન કરતા ફરે છે કે સરદાર

- આયારામ-ગયારામની સંસ્કૃતિવાળા રાજ્યની ચૂંટણીમાં સંઘ પરિવારમાં જ ભાગલા
- ભાજપના પર્રીકરે મિત્રપક્ષના નેતા ખલપને બદલે કોંગ્રેસી રાણેને મુખ્યમંત્રી બનાવ્યા હતા
- ચૂંટણી સર્વેમાં ‘આપ’ બહુમતી સાથે સૌથી આગળ, સેના-સંઘ પાર્ટી ભાજપને હરાવવા મેદાને
- મગોપાવાદી રમાકાંત ખલપ હવે કોંગ્રેસમાં, મોટા પુત્ર શ્રીનિવાસ ખુલ્લેઆમ ‘આપ’માં

પટેલ વધુ જીવ્યા હોત તો ૧૯૪૮માં જ ગોવાને મુક્ત કરાવત. બિચારા પર્રીકરને ખ્યાલ નથી કે સરદાર ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ ગુજરી ગયા હતા ! ગોવાની ૧૯૬૩માં યોજાયેલી સર્વપ્રથમ ચૂંટણીમાં જે પક્ષ, મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીને ૩૦માંથી ૧૬ બેઠકો સાથે સત્તા પ્રાપ્ત થઈ હતી; આજે એ મગોપા લગભગ નામશેષ થઈ રહી છે. ગઈકાલની બિગબ્રધર પાર્ટી આજે ભાજપ જેવી નવી પાર્ટીના જુનિયર પાર્ટનર તરીકે જોડાણમાં છે, પણ આવતી ચૂંટણીમાં એ જોડાણ બદલે એવી શક્યતા ખરી.

ગોવામાં આયારામ ગયારામની રાજનીતિ ખૂબ ચાલી છે. ૧૯૮૦માં કોંગ્રેસ (અર્સ)ની સરકાર રચાઈ, પણ કેન્દ્રમાં ઈંદિરા ગાંધીના પુનઃ સત્તારોહણથી કોંગ્રેસ (આઈ)નું પલ્લું ભારે થતાં મુખ્યપ્રધાન પ્રતાપસિંહ રાણેએ હરિયાણાના ભજનલાલની જેમ જ આખેઆખી સરકારને ઈંદિરા ગાંધીમય બનાવી દીધી હતી. આવા રાજકારણના અઠંગ ખેલાડી રાણે છ-છ વખત ગોવાના મુખ્યપ્રધાન બની શક્યા છે. ક્યારેક તો ભાજપના મનોહર પર્રીકરે મિત્રપક્ષ મગોપાના મરાઠા નેતા રમાકાંત ખલપને મુખ્યપ્રધાન બનાવવાને બદલે રાણેને મુખ્યપ્રધાન બનાવવાનો ખેલ રચ્યો હતો. રાણે મરાઠા છે. સિંધિયા પરિવાર સાથે ઘરોબો છે. સ્વ. માધવરાવ સિંધિયા કોંગ્રેસમાં અને રાજમાતા સિંધિયા ભાજપમાં હોવાના લાભ પણ એમને મળતા રહ્યા છે. ગોવાના રાજકારણમાં ખ્રિસ્તી વોટબેંક પણ મહત્ત્વની છે. ગોવાના ભાજપી નાયબ મુખ્યપ્રધાન ફ્રાન્સિસ ડિસોઝા ભારતને ‘હિંદુ રાષ્ટ્ર’ ગણતા રહ્યા છે. પોતાને ખ્રિસ્તી હિંદુ ગણાવે છે એ પણ ખલપની જેમ મ્હાપસાના છે અને આ લખનાર સાથે સરળતાથી ચર્ચા કરે છે.



ગોવાની રાજનીતિ પક્ષપલટા અને સંતાનોને રાજકીય વારસાઈ આપવામાં ખૂબ નિર્ણાયક રહી છે. ગોવાની કુલ ૧૫ લાખ જેટલી વસ્તીમાં ૬૫.૭૮ ટકા હિંદુ, ૨૫.૧૧ ખ્રિસ્તી અને ૮.૩૪ ટકા મુસ્લિમ હોવાનું ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં અંદાજાય છે. ગોવાની તમામ ધર્મી પ્રજા માટે લગ્ન, વારસાઈ, છૂટાછેડા વગેરે બાબતમાં સદીઓથી પોર્ટુગીઝ પરંપરા મુજબનો એક જ નાગરી ધારો અમલમાં હોવાથી રાષ્ટ્રીય સ્તરે પણ આવા સમાન નાગરી ધારાને લાગુ કરવાની માગણી ઊઠતી રહી છે. ભારતીય બંધારણમાં એનો નિર્દેશિત સિદ્ધાંત તરીકે આદેશ અપાયેલો છે અને સર્વોચ્ચ અદાલતે પણ અનેકવાર એના રાષ્ટ્રીયસ્તરે સર્વધર્મી પ્રજા માટે અમલનો આગ્રહ રાખ્યો છે.

જોકે મુસ્લિમો માટેનો અલગ શરિયત મુજબનો પરસોનલ ધારો અમલમાં હોવાથી એમાં ફેરફાર કરવા સામે વિરોધ ઊઠે છે એટલું જ નહીં, ગોવામાં પણ મુસ્લિમો સમયાંતરે શરિયત ધારાના અમલનો આગ્રહ સેવતા થયા છે. નવાઈ તો એ વાતની છે કે ગોવામાં શરિયત ધારો લાગુ કરવાના આગ્રહી શેખ હસન હારુન ભાજપમાં જોડાઈને મનોહર પર્રીકરની સરકારમાં પ્રધાન પણ રહ્યા હતા. હવે તેમણે પોતાનો અલગ પક્ષ સ્થાપ્યો છે. ગોવામાં રાજનેતા ક્યારે, કયા પક્ષમાં હોય; એ કહેવું મુશ્કેલ છે. નવા નવા અમિબા પક્ષો રચાય છે અને પાછા એમના વાવટા સંકેલીને અમિબાની જેમ જ મૂળપક્ષમાં કે અન્ય પક્ષમાં જોડાણ પણ કરે છે. દાણચોરીના અનેક ખટલાઓ જેમની વિરુદ્ધમાં હતા એવા ચર્ચિલ આલેમાઓ ગોવાના મુખ્યપ્રધાનપદે રહી ચુક્યા છે. તેઓ કોંગ્રેસના નેતા પણ રહ્યા છે. પોતાનો અલગ પક્ષ પણ રચ્યો છે અને આજકાલ પોતાની દીકરી અને પરિવારજનોને

અનુસંધાન પાના નં. ૭ પર